સૌરાષ્ટ્રમાં કરા સાથે વરસાદ તુટી પડ્યો

ગોખરવાળામાં એક ઈંચથી વધુ વરસાદ પડ્યો : અપર એયર સાયક્લોનિક સક્યુલેશનની સ્થિતિના કારણે હવામાનમાં પલટો : ભારે નુકશાનની દહેશત

અમદાવાદ, તા.૨૦

ચૈત્ર માસમાં દનીયા તપી રહ્યા છે અને લોકો ૪૦ ડિગ્રી ગરમીનો પ્રકોપ સહન કરી રહ્યા છે, તેવામાં આજે બપોર બાદ સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, અમદાવાદ સહિત રાજ્યના અનેક ભાગમાં ભારે પવન સાથે વરસાદ પડતા ભર ઉનાળામાં વરસાદી માહોલ જામ્યો હતો. ભારે બફારા વચ્ચે આજે વરસાદી અમી છાંટાના સારા એવા પ્રમાણમાં પડી જતા રસ્તાઓ ભીના થઈ ગયા હતા.

ગોખરવાળામાં એક ઈંચથી વધુ વરસાદ થયો હતો. લીલીયા તાલુકામાં અનેક ગામોમાં કમોસમી વરસાદ થયો હતો, ચોમાસા બાદ છઠ્ઠી વખત માવઠાની અસર જોવા મળી છે. સૌરાષ્ટ્રના અમરેલીમાં ચોમાસુ વીત્યા બાદ વારંવાર હવામાનની સ્થિતિ બદલાતી રહી છે, અમરેલી પંથકમાં માવઠું થયું છે, છેલ્લા બે દિવસથી આકરા તાપ બાદ પારો ઉંચે પહોંચ્યું હતું. રાજ્યના વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો અને વાદળો ચડી આવ્યા હતા. અમદાવાદ શહેર સહિત રાજ્યના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડતાં લોકો આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા. અમરેલી, ધારી, બોટાદ, ચલાણા ગીર પંથક, અમદાવાદ જિલ્લાના સારંગપુર અને કચ્છના રાપરમાં ભારે પવન સાથે કમોસમી વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી, તો સુરેન્દ્રનગરના ચોટીલામાં કરા સાથે વરસાદ પડ્યો હતો.

ભારે પવન અને ગાજવીજ સાથે પડેલા વરસાદને કારણે અનેક શહેરોમાં રાજકીય પાર્ટીઓના બેનરો અને હોર્ડીંગ ઉડ્યા હતા. જો કે લોકોએ ભર ઉનાળે પડેલા આ વરસાદની પણ મજા માણી હતી અને ગરમીથી છુટકારો મેળવ્યો હતો. બનાસકાંઠા જિલ્લામાં સુઈગામ પંથકમાં સાંજના સુમારે વાવાઝોડા અને કરા સાથે કમોસમી વરસાદ પડ્યો હતો, ત્યારે થરાદ પંથકમાં સાંજે વિજળીના લિસોટા સાથે અષાઢી માહોલ છવાયો હતો. રાજકોટમાં વહેલી સવારે વાદળો છવાયા હતા, બપોર સુધી અસહ્ય તાપ અને ગરમીથી લોકો ત્રાસી ગયા હતા. તાપમાનનો પારો ૪૦ની નજીક પહોંચી ગયો છે, પરંતુ બપોર બાદ વાતાવરણમાં અચાનક પલ્ટો આવતા આકાશ વાદળોથી ઘેરાઈ ગયું છે અને શહેરમાં કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો હતો, જ્યારે ધારી પંથકમાં આજે અણધારી વરસાદી આફતે લોકોને મુશ્કેલીમાં મુકી દીધા હતા. ધોધમાર વરસાદના પગલે સમગ્ર વિસ્તાર પાણીથી તરબતર થઈ ગયો હતો. તો આ તરફ સુરેન્દ્રનગરના ચોટીલા અને કચ્છના રાપરમાં પણ કરા સાથે વરસાદ પડ્યો હોવાના સમાચાર છે.

અમરેલી જીલ્લામાં આજે ફરી હવામાનમાં આ જ રીતે બદલાવ આવ્યો હતો અને બપોરે બાદ અમરેલી પંથકમાં કાળા ડીબાંગ વાદળો ચડી આવ્યા હતા. જો કે અમરેલીમાં વરસાદ પડ્યો ન હતો. પરંતુ લીલીયા પંથકમાં કમોસમી વરસાદ જરૂર થયો હતો. લીલીયાની સીમ ઉપરાંત પુંજાપાદર, સલડી, ગોઢાવદર વિગેરે ગામોમાં કમોસમી વરસાદ થયો હતો. ખેડૂતોના ખેતરોમાં પડેલા તૈયાર પાકને નુકશાન થયું હતું. બીજી બાજુ તબીબોના કહેવા મુજબ ગરમી અને ભેજવાળા વાતાવરણને લીધે શરદી, ઉધરસ, વાયરલ તાવ જેવા રોગ માથું ઉચકે તેવી શક્યતા છે.

સિધ્ધપુરમાં આમ આદમી પાર્ટીના હજારો કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા

પાટણ શહેરના વેરાઈચકલા વિસ્તાર સ્થિત કમળાબા હોલ ખાતે આમ આદમી પાર્ટીનાં સિધ્ધપુર તાલુકાના સંયોજક પ્રકાશભાઈ દવેની આગેવાની હેઠળ આશરે ૫૦૦ જેટલા આગેવાન કાર્યકરો સહિત હજારોની સંખ્યામાં આમ આદમી પાર્ટીનાં સભ્યો કોંગ્રેસમાં વિધિવત રીતે જોડાયા હતા. આ પ્રસંગે યોજાયેલ કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ દેસાઈ, જિલ્લા પ્રવકતા મહેન્દ્રભાઈ વકીલ, શહેર કોંગ્રેસ પ્રમુખ લાલેશ ઠકકર સહિત અન્ય અગ્રણી કાર્યકરોએ પ્રકાશ દવે સહિત તેમના આગેવાન કાર્યકરોને કોંગ્રેસનો ખેસ પહેરાવી પક્ષમાં ઉમળકાભેર આવકાર્યા હતા. ત્યારબાદ પાટણ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડી રહેલા કોંગ્રેસના ઉમેદવાર ભાવસિંહ રાઠોડના શહેર સહિત જિલ્લાના સમર્થકો દ્વારા આજે શહેરના ચતુર્ભુજ બાગ વિસ્તારમાં આવેલ ઠકકરના ડહેલા ખાતે કોંગ્રેસ કાર્યાલયને વિધિવત રીતે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ પ્રવકતા મહેન્દ્ર વકીલ, શહેર કોંગ્રેસ પ્રમુખ લાલેશ ઠકકર સહિત અન્ય અગ્રણી કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી કોંગ્રેસના જયઘોશ સાથે કાર્યાલયમાં પ્રવેશ કર્યો હતો.

વડાપ્રધાન ગુજરાતમાં ચૂંટણી પ્રચાર નહીં કરે

વડાપ્રધાન મનમોહનસિંહ આ વખતે લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરવા આવનાર નથી જે આશ્ચર્યજનક બાબત છે. અલબત્ત કોંગ્રેસના રાજ્ય એકમે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે મનમોહનસિંહ પણ સ્ટાર પ્રચારક તરીકે ચૂંટણી પ્રચાર કરે પરંતુ વડાપ્રધાને પહેલાથી કહ્યું છે કે તેઓ અન્ય રાજ્યોમાં ચૂંટણી પ્રચાર કરવા માટે પહોંચનાર છે જેથી ગુજરાતમાં ઉપલબ્ધ બનશે નહીં. ગુજરાતમાં ૩૦મી એપ્રિલના દિવસે મતદાન યોજાનાર છે. સોનિયા ગાંધી આગામી સપ્તાહમાં ઝંઝાવતી પ્રચાર કરનાર છે. ગુજરાતમાં કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ માહિતી આપતા કહ્યું છે કે સિંહ સ્ટાર પ્રચારકોની યાદીમાં હતા તેમની ઓફિસનો અનેક વખત સંપર્ક કરવામાં આવ્યો હતો પરંતુ વડાપ્રધાન આ વખતે ઉપલબ્ધ થનાર નથી. આ વખતે તેઓ ખૂબ ઓછી ચૂંટણી સભાને સંબોધનાર છે. બીજી બાજુ સુત્રોએ કહ્યું છે કે કોંગ્રેસ નેતાગીરીએ સિંહને ગુજરાતમાં પ્રચાર ન કરવા કહ્યું છે. વડાપ્રધાનની મુલાકાતથી નરેન્દ્ર મોદીને વધારે ફાયદો થઈ શકે છે. વડાપ્રધાન જ નહીં બલ્કે કોંગ્રેસના અન્ય સ્ટાર પ્રચારકો પણ ગુજરાતમાં આવનાર નથી. માત્ર સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ જ તારીખો આપી છે. સોનિયા ગાંધી ૨૪મી એપ્રિલે અને રાહુલ ગાંધી ૨૬મી એપ્રિલે પ્રચાર કરનાર છે. અહેમદ પટેલ તેમજ ગુરૂદાસ કામત, મુકુલ વાસણીક, અશોક ગેહલોત, સચિન પાયલોટ, જ્યોતિરાદિત્ય સિંધ્યા, આનંદ શર્મા, રાજ બબ્બર, સુનિલ શેટ્ટી, નગમા, મહિમા ચૌધરી પણ કોંગ્રેસ તરફથી પ્રચાર કરવા માટે પહોચનાર છે. ભાજપના નેતાઓ તમામ પહોંચનાર છે. નરેન્દ્ર મોદી પોતે ઝંઝાવતી પ્રચાર કરવા કમર કસી ચુકયા છે. મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં તેઓ ૨૪મી અને ૨૮મી એપ્રિલના દિવસે સભા સંબોધે તેવી શક્યા છે. અડવાણી અને અન્ય નેતાઓ પણ પ્રચાર કરનાર છે.

પાટણ ખાતે સમાજવાદી પક્ષના ઉમેદવારના પ્રચારાર્થે સોમવારે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવની જાહેરસભા યોજાનાર હતી. રવિવારે સાંજે ફુંકાયેલા વાવાઝોડા અને વરસાદથી મંડપ આખો તૂટી પડ્યો હતો. એ જ રીતે અન્ય પક્ષોના હોર્ડીંગ - બેનરો પણ તૂટી ગયા હતા. (તસવીર : ચેતન રામી)

ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઇમોશનલ અત્યાચાર ?.. પ્રભાવ પાડવાનો નુસ્ખો...

ભારતના નેતાઓ મત લેવા માટે ઘણીવાર મતદારો ઉપર જાદુ પાથરવાનો પ્રયાસ કરતા હોય છે. ચૂંટણી લડવા માટેના મુદ્દા ખૂટી જાય ત્યારે તેઓ મતદાતાઓ ઉપર ઈમોશનલ બ્લેકમેઈલિંગ કરે છે અને ભોળી જનતા તેમાં ફસાઈ જાય છે. ઈન્દિરા ગાંધીની પર્સનાલિટી એવી હતી કે ભારત દેશમાં લોકો તેમને ચાહતા હતા. એવી જ રીતે અટલ બિહારી વાજપેયીની છબી પણ અદભૂત હતી, તેમના ચૂંટણી પ્રવચન સાંભળવા કોંગ્રેસના નેતાઓ અવશ્ય જતા હતા.. ઈન્દિરા ગાંધીના અવસાન પછી કોંગ્રેસે ઈન્દિરા ગાંધીની સહાનુભૂતિ ઉપર વોટ મેળવ્યા હતા. રાજીવ ગાંધીના અવસાન પછી આ જ કોંગ્રેસે રાજીવના બલિદાન ઉપર વોટ મેળવ્યા હતા. આ ઈમોશનલ અપીલ હતી... હવે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પણ ઈન્દિરા અને રાજીવના બલિદાનને યાદ કરી દેશની જનતા સમક્ષ ઈમોશનલ પ્રચાર કરે છે.

બીજી તરફ ભાજપના નેતાઓ શ્યામાપ્રસાદ મુકરજીના નામે, મહાત્મા ગાંધી અને સરદાર પટેલના નામે લોકો ઉપર ઈમોશનલ જાદુ કરી રહ્યાં છે. ભાજપના વડા-ધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી તો પોતાની ઉપર જ ઈમોશનલ બની જાય છે. ચૂંટણી પ્રચારમાં તેઓ કહે છે કે મેં ગુનો કર્યો હોય, ભ્રષ્ટાચાર કર્યો હોય તો મને ફાંસીએ લટકાવી દેજો... કોંગ્રેસ મને જેલમાં ધકેલવા માગે છે...જીવન પર્યંત હું ભારત દેશની સેવા કરવા માગું છું...સેક્યુલારિઝમના નામે રાજકારણ નહી રમું, એના બદલે હું હારવાનું પસંદ કરીશ... હું ઉત્તર ગુજરાતનો બેટો છું... આવા વાક્યોથી તેઓ મતદારો ઉપર પ્રભાવ ઉભો કરી રહ્યાં છે...

કોંગ્રેસમાં અભાવ અને ભાજપમાં -ભાવ...

ચૂંટણી આવે એટલે કોંગ્રેસમાં નેતાઓનો અભાવ વર્તાય છે અને ભાજપમાં પ્રભાવ દેખાય છે. રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધીની કોંગ્રેસમાં સૌથી વધુ ડિમાન્ડ છે. બીજા સેકન્ડ કેડરના નેતાઓમાં યુવા નેતા જયોતિરાદિત્ય સિંધિયા, સચિન પાયલોટ, જયરામ રમેશ અને મનીષ તિવારીનો સમાવેશ થાય છે. ભાજપમાં એવું નથી, હિન્દુત્વની છાપ ધરાવતી આ પાર્ટીમાં પ્રથમ હરોળમાં નરેન્દ્ર મોદી કેન્દ્ર સ્થાને છે. તેમના પછી રાજનાથસિંહ, સુષ્માસ્વરાજ, અરૂણ જેટલી, લાલકૃષ્ણ અડવાણી, શિવરાજસિંહ ચૌહાણ, ફાયરબ્રાન્ડ ઉમા ભારતી પ્રભાવી હોવાની છાપ ધરાવે છે. ભાજપનો પ્લસ પોઈન્ટ બોલીવુડના ફિલ્મસ્ટાર્સ અને ક્રિકેટર્સ છે. આ હરોળમાં સંખ્યાબંધ અભિ-નેતાઓ આવે છે...

અભાવ અને પ્રભાવની બીજી સાઈડ જોઈએ તો ચૂંટણી આવે એટલે ટીકીટ લેવા માટે કોંગ્રેસમાં લાઈનો લાગે છે પરંતુ ચૂંટણીનો પ્રચાર કરવાનો થાય ત્યારે આ નેતાઓ મોઢું સંતાડે છે. બહાર નિકળતા નથી. બધાં નેતાઓ પોતાને મંચસ્થ મહેમાન ગણે છે. ઝંડો લઈને કાર્યકરોના ટોળાંમાં આવતા નથી, જયારે ભાજપમાં ચૂંટણી આવે એટલે ટીકીટ માટે લોબિંગ થાય છે પણ રૂબરૂ થવાની કોઈની હિંમત નથી...ચૂંટણી -ચારમાં બધાં નેતાઓ કાર્યકરો સાથે ઝંડો લઈને બુથે બુથ ફરી વળે છે...ભાજપમાં ચૂંટણીને મહોત્સવ માનવામાં આવે છે.. ઝઘડા હોય પરંતુ ચૂંટણી ટાણે બધાં એક માળાના મણકાની જેમ ગોઠવાઈ જાય છે...

ઇન્દિરા અને મોદી - ઇન્ડિયાના બ્રાન્ડ સ્ટાર...

૧૯૭૭ પછી પહેલીવાર હિન્દુસ્તાનના રાજકારણમાં અસ્તિત્વના જંગ ખેલાયો છે, જેમાં કોંગ્રેસ અને ભાજપ કેન્દ્રસ્થાને છે. સંઘ પરિવારના પૂર્વ સુપ્રિમો સુદર્શને એકવાર કહેલું કે લોકસભાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ એક થઈ જાય તો પાંચ વર્ષના શાસન દરમ્યાન દેશમાંથી -દેશિક સહિતના તમામ પક્ષો સાફ થઈ જાય... જો કે આ નિવેદનના અવળા -ત્યાઘાત પડ્યા હતા. ભાજપના નેતાઓના ભવાં ચઢી ગયા હતા અને રાષ્ટ્રીય નેતાઓએ તુરત જ રિએકશનમાં કહ્યું હતું કે આ શક્ય જ નથી, કારણ કે બન્ને પાર્ટીઓની વિચારધારા અલગ-અલગ છે....

જો ઈન્દિરા ગાંધી અને નરેન્દ્ર મોદીની સરખામણી કરવાની થાય તો સૌથી પહેલાં એવું કહી શકાય કે ઈન્દિરા એટલે ઈન્ડિયા હતું તેમ આજે મોદી એટલે ઈન્ડિયા છે..બન્ને રાજનેતાઓની કારકિર્દી અને કાર્યશૈલીમાં ઘણું મોટું સામ્ય છે. બ્યુરોક્રેસીમાં બન્નેની પક્કડ મજબૂત માનવામાં આવે છે..કોંગ્રેસમાં જયારે ઈન્દિરા ગાંધીને -જેક્ટ કરવામાં આવ્યા ત્યારે પાર્ટીમાં તુફાન ઉભું થયું હતું, તેવું જ મોદીનું થયું છે.. અડવાણી સહિતના સિનિયર નેતાઓએ ભાજપમાં નારાજગી વ્યક્ત કરી હતી. ખરા સમયે સિક્સર મારવાની બન્નેની કુશળતા બીજા કોઈ નેતામાં દેખાતી નથી..ખાસ વાત એ છે કે ઈન્દિરા અને મોદીના પ્રસંશકો, સાથીદારો અને દુશ્મનોની સંખ્યા ઘણી મોટી છે. બન્ને નેતાઓએ પાર્ટીની ઉપરવટ જઈને ઘણીવાર ફેસલા આપેલા છે...

મતદાનની આડે માત્ર નવ દિવસ રહ્યાં...

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકોની ચૂંટણી આડે માત્ર નવ દિવસ રહ્યાં છે અને તેમાં ય પ્રચાર માટે તો સાત દિવસ છે. આ સાત દિવસમાં ગુજરાતના ૪.૫ કરોડ મતદારોનો ધાણ નિકળવાનો છે. સાત દિવસમાં શું શું થઈ શકે છે તે ભાજપ અને કોંગ્રેસના સ્ટાર -ચારકો નક્કી કરશે. દેશમાં ભ્રમણ કરતા મોદી ગુજરાતની બેઠકો માટે -ચાર કરવાના ન હતા પરંતુ તેમની ડિમાન્ડ ઉઠતાં તેઓ ૨૪મી પછી ગુજરાતની કેટલીક બેઠકોના કેમ્પેઈનમાં તેઓ હાજરી આપશે...

ભાજપે અખબારો, ટીવી, રેડિયો અને સોશ્યલ સાઈટ્સમાં જોરદાર પ્રચાર શરૂ કર્યો છે. મોદી સરકારના નામે અનેક જાહેરાતો આપવામાં આવી છે, સામે પક્ષે કોંગ્રેસે પણ ઓડિયો-વિઝ્યુઅલ જાહેરાતો શરૂ કરી છે. વિધાનસભા-૨૦૧૨ અને લોકસભા-૨૦૧૪ની ચૂંટણીમાં મિડીયા પ્રચારની કમ્પેરીઝન કરવાની થાય તો ૨૦૧૪માં ભાજપનું કેમ્પેઈન વધારે મજબૂત બન્યું છે, જે ૨૦૧૨માં વિધાનસભામાં કોંગ્રેસનું મજબૂત હતું. વિધાનસભામાં તુલિકાએ ધૂમ મચાવી દીધી હતી, ત્યારે ભાજપને પણ ફાળ પડી હતી... આજે મિડીયા કેમ્પેઈનમાં કોંગ્રેસનું એટલું જોર રહ્યું નથી...!

કૈલાસનાથન અને એ.કે.શર્મા PMO માં...

ગુજરાતના બે સિનિયર આઈએએસ અધિકારીઓ કે.કૈલાસનાથન અને એ.કે.શર્મા હાલ CMO માં છે તે બન્ને અધિકારીઓ PMO માં ગોઠવાઈ જાય તો નવાઈ જેવું નથી, કારણ કે આ બન્ને ઓફિસરો મોદીની વધુ નજીકના માનવામાં આવે છે. જો કેન્દ્રમાં એનડીએની સરકાર બની તો કૈલાસનાથન અને એ. કે. શર્માને લોટરી લાગી જશે. કૈલાસનાથન તો વય નિવૃત્ત થઈ ગયા છે તેથી મોદીના સલાહકાર તરીકે દિલ્હીમાં સેટ થઈ શકે છે, પણ એ. કે. શર્માનો કાર્યકાળ હજી આઠ વર્ષ છે. તેમની ઈનિંગ લાંબી છે. ગુજરાતમાંથી બીજા કોઈ ઓફિસરને મોદી પસંદ કરે છે કે કેમ એ સવાલ છે, કેમ કે હવે તેમને કોઈ એક રાજય નહી, આખો દેશ સંભાળવાનો છે. તેઓ બીજા રાજયોમાંથી તેમજ દિલ્હીમાંથી ઓફિસરોની ટીમ પસંદ કરી શકે છે...

ગુજરાતના એક ડઝનથી વધુ ઓફિસરો દિલ્હીમાં ડેપ્યુટેશન ઉપર જોબ કરી રહ્યાં છે. તેઓ ગુજરાતમાં પાછા આવે છે કે કેમ તે નવી સરકારના ગઠન પછી ખબર પડી શકે છે. મોદીની વહીવટી પક્કડમાં રહેવા નહી માગતા કેટલાક ઓફિસરોએ દિલ્હીની વાટ પકડી હતી, હવે ખુદ મોદી જ દિલ્હી આવી રહ્યાં છે ત્યારે આ ઓફિસરો ઉપર પ્રશ્નચિન્હ મૂકાયું છે. એક વાત નક્કી છે કે મોદીના દિલ્હી ગયા પછી ગુજરાતમાં ચીફ મિનિસ્ટર અને ચીફ સેક્રેટરી નવા આવશે...

વડીલોને વંદન
અભિનંદન



વિઠ્ઠલભાઈ સેંધીભાઈ પટેલ
(૧૯૪૨) ફોન: ૨૩૨૨૯૫૩૦

વરસાદના યોગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેશના દક્ષિણ-પૂર્વિય સાગર કાંઠે ચક્રવાત થવાની વકી રહે. મે ની શરૂઆત સુધીમાં કચ્છ, ભૂજ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાતમાં ગરમી વધે. વાવ, થરાદ, ડીસા, અમદાવાદમાં ગરમીનું જોર રહે. ભૂ-ભૌગોલિક બાબતો તેમજ અન્ય બાબતોથી પણ જોતાં મહત્તમ ઉષ્ણતામાન ૪૧ થી ૪૨ ડિગ્રી સેલ્સીયસ કે તેથી વધુ થઈ શકે. મધ્ય ગુજરાતમાં પણ કાળજાળ ગરમી પડે. વચ્ચે વચ્ચે પવન ફુંકાતા ગરમીમાં રાહત રહે પરંતુ લૂ અને બફારો આકરો રહે.

પવન વાહક અને જળદાયક નક્ષત્ર જાડીના યોગો જોતાં એપ્રિલ તા. ૨૦થી ૨૭ વાદળવાયુ વર્ષા જ્યારે એપ્રિલ તા. ૩૦ થી મે તા. ૬માં ગાજવીજ સાથે દેશ સહિત રાજ્યના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદની વકી રહે. અખાત્રીજ આસપાસ વંટોળ, આંધી, કરા વરસાદની વકી રહે. આ આગાહી કૃષિલક્ષી છે ઉત્પાત સંબંધી નથી.

આવનાર ચોમાસા અંગે ઉનાળામાં દેશના મધ્ય ભાગમાં ગરમી પડે તો ચોમાસાનું આંકલન વધુ સત્ય નજીક થઈ શકે છે. હાલમાં અલનીનો પ્રભાવ ઉભો થતાં ચોમાસાના લક્ષણો અને ગર્ભના લક્ષણો જોતા આની ભૂ-ભૌગોલિક આધારે વરતારો કરેલ છે.

કોઈ પત્તો જ નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ પત્તો લાગ્યો નથી.આ મામલે અપહ્યુત યુવાન ના પિતા રણછોડભાઈ બુલાઠીદાસ વાણંદ ની ફરિયાદ ને આધારે સે.૨૧ પોલીસ દોડતી થઈ છે.ત્રણ ત્રણ દિવસ થી જેની ભાળ મળી નથી તેની શોધખોળ માટે બબ્બે ટીમો બનાવીને આ ગુના ની સઘન તપાસ શરુ કરી છે.

અમદાવાદમાં પ્રચંડ પવન

● અનુસંધાન પહેલાનું ચાલુ

શહેરમાં એકાએક વરસાદના કારણે લોકોને ભારે આશ્ચર્ય થયું હતું જો કે અપર એયર સરક્યુલેશનની સ્થિતિને સર્જાવવાના લીધે કમોસમી વરસાદ થયો હતો. શહેરના જુદા જુદા વિસ્તારોમાં પ્રચંડ પવનના કારણે વૃક્ષો ધરાશાયી થયા હતા. વિવિધ વિસ્તારમાં ૧૦૦થી વધુ વૃક્ષો ધરાશાયી થયા હતા, મણીનગરમાં મોબાઈલ ટાવર તુટી પડ્યો હતો જો કે સદભાગે કોઈને પણ ઈજા થઈ ન હતી. વૃક્ષો ધરાશાયી થવાના કારણે ૨૦થી વધુ લોકોને નાની-મોટી ઈજાઓ થઈ હતી. શહેરના શાહપુર વિસ્તારમાં હલીમની ખડકી પાસે વૃક્ષ પડતાં ચાર લોકોને ઈજા થઈ હતી અને ભારે ભાગદોડ મચી ગઈ હતી. પ્રાપ્ત અહેવાલ મુજબ ૪૦ થી ૬૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફુંકાતા ભારે અફડાતફડી મચી ગઈ હતી. એસજી હાઈવે પર દેવાર્ક મોલમાં ટેકનિકલ ખામીથી લીફ્ટમાં ત્રણ લોકો ફસાઈ ગયા હતા. ફાયર બ્રિગેડે તેમની બચાવી લીધા હતા. મોડી સાંજ સુધી શહેરમાં વરસાદ જારી રહ્યો હતો.

શબ્દાવલી - ૫૩૭૩



આડી ચાવી

- ૧. શક્તિ, તરવરાટ (૨)
- ૩. રસોઇ કરનાર (૪)
- ૬. ટમટમીયું, ઝાંખી લાઇટ(૫)
- ૮. લપીયું, સવા નવને પાંચ(૨)
- ૧૦. છુટાછેડા, ફારગતિ (૩)
- ૧૧. છાઝલી, પદડી (૩)
- ૧૩. કુશળતા, કૌશલ (૪)
- ૧૪. પ્રવાહી, કેરીનો... (૨)
- ૧૬. થોડું, જરીક (૨)
- ૧૭. અંધારૂં, અંધકાર (૩)
- ૧૮. અંધારૂ, અંધકાર (૩)
- ૨૧. પસંદ કરવું, પસંદગી (૨)
- ૨૨. આધાર (૩)
- ૨૩. ચોખાના ઝીણા કટકા (૩)
- ૨૪. હકાર, હા માં જવાબ (૪)

ઊભી ચાવી

- ૧. એક સરખી બે વસ્તુ (૨)
- ૨. હઠ, દુરાગ્રહ (૩)
- ૩. એક વ્હીકલ (૩)
- ૪. રોફ, રૂઆબ (૨)
- ૫. ખુબ ત્વરાથી, સમડી જેવી ઝડપે (૫)
- ૭. રતાશ, લાલ ઝાંયવાળુ(૩)
- ૯. ભુતપ્રેસ, ખરાબ, દુષ્ટ (૩)
- ૧૧. તદન, બિલકુલ (૨)
- ૧૨. ભુલથી, ચૂકથી (૫)
- ૧૩. આરામદાયક (૫)
- ૧૫. અક્કલ, ડહાપણ (૪)
- ૧૯. નર્ક, ખરાબ કર્મ કરે તેને મર્યા પછી... માં જવું પડે, ધાર્મિક બીક (૩)
- ૨૦. સેલ, બેટરી શક્તિ (૩)

શબ્દાવલી ૫૩૭૨ના જવાબ

આડી ચાવી :- (૧) કાપાલીક (૪) અનાથ (૬) ડટણ (૭) વિદારક (૯) નિરસ (૧૦) નામદાર (૧૨) મસીહા (૧૪) ગજુ (૧૬) તુણીર (૧૮) લખાપટ્ટી (૨૧) કામણ (૨૨) નજાકત

ઊભી ચાવી :- (૧) પાણીદાર (૩) કડક (૪) અણનમ (૫) પડકાર (૪) વિનિયોગ (૮) રસમ (૧૦) નાહ્ય (૧૧) દામણી (૧૩) સીરપ (૧૫) જુલમ (૧૭) રમત (૧૯) ખાણ (૨૦) હીન

વાવાઝોડુ અને કરા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

વસંતની વિદાય અને ગ્રીષ્મના પ્રારંભે જ થયેલા આ વરસાદને કેટલાક ખગોળવિદો પ્રિ. મોન્સુન એકટીવીટી તરીકે પણ ઓળખી રહ્યા છે. જો કે વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સને કારણે મધ્યપ્રદેશથી ઉત્તરીય પાકિસ્તાન વચ્ચે સસર્જાયેલા હવામાનના દબાણને લઈ આ વરસાદ થયો છે તેવું હવામાન વિભાગના સૂત્રો કહી રહ્યા છે.

રાજયના સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં થયેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતો ચિંતાતુર બન્યા છે. કયાંક ખુલ્લામાં રહેલો પાક પલ્ડી જવા પામેલ છે. આજે એકાએક આવેલ આ કમોસમી વરસાદને કારણે કેટલાક સ્થળોએ યોજાયેલા લગ્નના ભોજન સમારંભોમાં પણ વિઘ્ન સર્જાયા હતા. આમ આજના કમોસમી વરસાદે રાજયમાં ચિંતાનું મોજું વધારે પ્રસરાવ્યું છે.

કરા સાથે પડેલા વરસાદને કારણે માર્ગો પરનો વાહન વ્યવહાર પણ ધીમો પડયો હતો. વરસાદ અને કરાને કારણે આગળના વાહનો દેખાતા જ ન હતા. જો કે વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી.

ચોમાસાનો માહોલ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ફુંકાતા વાતાવરણ ધુળીયું પણ બન્યું હતું. બાદમાં અચાનક ઈન્દ્ર દેવે કાળઝાળ ગરમીમાં એન્ટ્રી કરતા કરા સાથે મુશળધાર વરસાદ ખાબકયો હતો. વરસાદને પગલે ગાંધીનગર સહિત આસપાસના ચિલોડા, સાદરા, પેથાપુર, ડભોડા, માણસા, કોબા, અડાલજ, શિહોલી, ઉવારસદ વગેરે ગામોમાં અંધારપટ છવાઈ ગયું હતું. જયારે પાટનગર ગાંધીનગરમાં લગ્ન તેમજ ચુટણી સભાઓ માટે સજાવેલા મંડપો પણ વાવાઝોડા સાથે ઉડી તૂટી પડયા હતા સાથો સાથે જાહેર માર્ગો પર લગાવેલા હોર્ડીંગ્સ અને અનેક ઝાડ પણ તૂટી પડયા હતા. કડાકા અને ભડાકા સાથે તૂટી પડેલા વરસાદને કારણે વીજળી પણ ડૂલ થતા માર્ગોમાં પણ અંધાર પટ છવાતા અનેક કિલ્લો મીટર લાંબી વાહનોની કતાર થતા ભારે ટ્રાફિક જામની સ્થિતિ જોવા મળી હતી. ઉનાળાની કાળઝાળ ગરમીમાં અચાનક ચોમાસાનો માહોલ સર્જાતા ચારેય તરફ ઠંડક પ્રસરી જવા પામી હતી. અંદાજે એકાદ કલાક સુધી ચાલેલા વરસાદને લીધે અનેક નીચાણવાળા વિસ્તારો અને માર્ગો પર પાણી ભરાઈ ગયા હતા. સ્થાનિકો પણ કરા પડવાની ઘટનાથી આશ્ચર્ય ચકિત થઈ ગયા હતા. બીજી તરફ અચાનક જ ખાબકેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોને ઘઉં, બાજરી સહિતના અનાજ અને ઘાસચારામાં મોટું નુકશાન થવા પામ્યું છે. આમ આજે ગાંધીનગર સહિત રાજય ભરના નાગરિકોએ એક જ સાથે કુદરતના ત્રણ ત્રણ અનુભવો અનુભવ્યા હતા.

ઈલેક્શન લાઈવ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાર્યકાળ દરમ્યાન ઉત્કૃષ્ટ કાર્ય કરેલ છે અને તેઓ અત્યાર સુધીના સૌથી વધુ લાયક વડાપ્રધાન છે. સેક્ટર-૧૨માં રહેતા વિલ્સનના મતે વિકાસ અને મોંઘવારી સૌથી અગત્યનો મુદ્દો છે અને અડવાણીએ અહિંયાથી આટલા વર્ષોથી ચૂંટાવા છતાં કોઈ જ વિકાસકાર્યો કર્યા નથી અને તેમને વિકાસકાર્યો માટે મળતી ગ્રાન્ટ પણ પુરતી વાપરી નથી. તેમના મતે ગાંધીનગર માટે સૌથી તાતી જરૂરિયાત લોંગ ડિસ્ટન્સ રેલવેની છે જે શહેરને મુંબઈ, દિલ્હી, કલકત્તા, ચેન્નાઈ જેવા મોટા શહેરોથી લઈને દેશના અનેક ભાગો સુધી જોડે.

મોંઘવારીના મુદ્દે તેમણે અટલ બિહારી બાજપાઈ વખતે પણ પેટ્રોલનો ભાવ રૂપિયા ૨૭થી રૂપિયા ૪૫ સુધી ગયો હતો અને મનોહનસિંહ અને સોનિયા ગાંધીના વડપણ હેઠળની સરકારે આ ભાવ ૭૫ રૂપિયા સુધી પહોંચાડ્યો છે તેવુ કહેતા તેમણે મોંઘવારી અને રોજગારી બાબતે કોઈ સરકારે ફેર પાડ્યો નથી તેવો આક્ષેપ કર્યો હતો. પેથાપુર ગામમાં રહેતા જસવંત પરમારના મતે દરેકને મેડિકલ સેવાઓ અને ગરીબોને ઘરનો અધિકાર મળવો જ જોઈએ. તેમણે ગરીબોને ઘર આપવામાં કરતા 'ડ્રો' પ્રત્યે તીવ્ર આક્રોશ વ્યક્ત કરતા તેને ગરીબોના અપમાન સમાન ગણાવ્યા હતા. જસવંતના મતે શિક્ષણમાં વૈકલ્પિક સુવિધાને અવકાશ હોવો જોઈએ અને સરકારી શિક્ષણનું સ્તર સુધારવા તાકીદે પગલા લેવાવા જોઈએ તેવો મત વ્યક્ત કર્યો હતો. મહિલાઓને શિક્ષણમાં પ્રાધાન્ય આપવુ જોઈએ તેવું તેઓ સ્પષ્ટપણે માને છે અને સ્થાનિક લેવલે તેમને પેથાપુરમાં પાણી અને રસ્તાનો પ્રશ્ન મહત્વનો લાગી રહ્યો છે. જસવંત પરમાર પણ પક્ષની વિચારધારાને મહત્વ આપતા નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદે યોગ્ય ઉમેદવાર માને છે.

તમામ યુવાનોએ આપેલા મંતવ્યોનો ધ્યાનથી અભ્યાસ કરતા એક વાત સ્પષ્ટ જણાઈ આવે છે કે ધર્મ, જાતિ અને ભાષાને આધારે મતોની ભાગ બટાઈમાં રચ્યા પચ્યા રહેતા નેતાઓએ સત્વરે આંખો ખોલી આ 'યુવવાણી' સરવા કાને સાંભળવાની જરૂર છે.